# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-03-2025** **Morning : 7.10 to 7.20**

**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

---

1. **રાજ્યમાં આરોગ્ય સુખાકારી સઘન બનાવવાના આશય સાથે અમદાવાદ સિવિલ મેડિસીટીમાં ન્યુરોલોજીકલ ઇન્સ્ટિટ્યૂટનું નિર્માણ થશે.**
2. **ઇજનેરી અને ફાર્મસીમાં પ્રવેશ માટેની ગુજકેટની આજે પરીક્ષા યોજાશે.**
3. **મહીસાગરના વીજ ગ્રાહકોને ઉનાળામાં વીજ પુરવ ઠામાં કોઇ મુશ્કેલી ન સર્જાય તે માટે મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા વિશેષ વ્યવસ્થા કરાઇ.**
4. **તાપમાનનો પારો બેથી ત્રણ ડિગ્રી વધે તેવી હવામાન વિભાગની આગાહીના પગલે ગરમીમાં વધારાની શક્યતા.**
5. **અમદાવાદમાં રમાનારી IPL ક્રિકેટની મેચ દરમિયાન મેટ્રો ટ્રેન સવારના 6:20થી રાત્રિના 12:30 વાગ્યા સુધી દોડશે.**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# HEALTH CARE SUMMIT

રાજ્યમાં આરોગ્ય સુખાકારી સઘન બનાવવાના આશય સાથે અમદાવાદ સિવિલ મેડિસીટીમાં નવીન ન્યુરોલોજીકલ ઇન્સ્ટિટ્યૂટનું નિર્માણ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા નિર્ણય કરાયો છે.

આગામી સમયમાં સરકાર દ્વારા વડોદરા , સુરત, રાજકોટ, ભાવનગર અને જામનગર જેવા શહેરોમાં મેડિસિટીની સુવિધાઓમાં વધારો કરાશે તેવી પણ જાહેરાત આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે કરી હતી.

એક ખાનગી સમાચાર ચેનલ દ્વારા આયોજીત હેલ્થકેર સમિટમાં આરોગ્ય મંત્રીએ પોતાના સંબોધનમાં ઉમેર્યું કે , ગુજરાતમાં ધાર્મિક , સાંસ્કૃતિક અને મનોરંજન ટુરિઝમ ઉપરાંત વડોદરા, સુરત અને અમદાવાદ જેવા શહેરોમાં મેડિકલ ટુરિઝમનો પણ ઉમેરો કરાશે.

આ પ્રસંગે મેડિકલ ક્ષેત્રમાં નોંધપાત્ર યોગદાન બદલ 26 જેટલા ડોક્ટર્સને આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલના હસ્તે એવોર્ડ એનાયત કરીને સન્માનિત કરવામાં આવ્યા હતાં.

---

# GUJ CAT EXAM

ઇજનેરી અને ફાર્મસી શાખાના પ્રવેશ માટેની ગુજકેટની આજે પરીક્ષા યોજાશે. રાજ્યભરના વિજ્ઞાન પ્રવાહના એક લાખ 29 હજાર કરતાં વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. સવારે દસ વાગ્યાથી ચાર વાગ્યા સુધી આ પરીક્ષા રાજ્યના અલગ અલગ જિલ્લાના 35 કેન્દ્રો ઉપર 638 શાળાઓના કેન્દ્રો ઉપર લેવાશે. છ હજાર 549 બ્લોકમાં યોજાનારી આ પરીક્ષામાં સૌથી વધુ 19 હજાર 600 કરતાં વિદ્યાર્થીઓ

સુરત જિલ્લાના નોંધાયેલા છે. ભૌતિક વિજ્ઞાન અને રસાયણ વિજ્ઞાનનું સંયુક્ત પ્રશ્ન પત્ર સવારે દસથી બારમાં અને જીવ વિજ્ઞાનનું એક વાગ્યાથી બે વાગ્યા દરમિયાન અને છેલ્લે ગણિતનું પેપર ત્રણ વાગ્યાથી ચાર વાગ્યા સુધીનું રહેશે.

---

# MAHISAGAR ELECTRICITY

મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા મહીસાગર જીલ્લાનાં વીજ ગ્રાહકો માટે ચોવીસ કલાકની સેવા કાર્યરત કરાઈ છે. ઉનાળામાં ગ્રાહકોને અવિરત પુરવઠો મળી રહે તે માટે 19124 અને 18002332670 એમ બે ટોલ ફ્રી નંબર જાહેર કરાયા છે. આ અંગે મહિસાગર જિલ્લાનાં અમારા પ્રતિનિધી કૌશિક જોષી વધુ માહિતી આપે છેઃ

(VOICE CAST: KAUSHIK JOSHI-ELECTRICITY SERVICE)

---

# MAHESANA CLEANLINESS CAMPAIGN

મહેસાણા નગરપાલિકામાંથી મહાનગરપાલિકા બન્યા પછી મહેસાણા શહેરમાં સ્વચ્છતા ઝુંબેશને ઝડપી બનાવવામાં આવી છે. શહેરના વિવિધ વિસ્તારોમાં રાત્રે તેમજ સવારે સફાઈ ઝુંબેશ શરૂ કરાઇ છે.

10 જેસીબી, 10 લોડર મશીન, એક રોડ સ્વીપર મશીન, 10 ટ્રેકટર સહિતના સાધનો સાથે 120 કામદારો સાથે સફાઈની કામગીરી થઈ રહી છે. આ ઉપરાંત મહાનગરપાલિકા દ્વારા વિવિધ સ્થળોએ બાંકડા પણ મુકવામાં આવી રહ્યા છે.

---

# BANASKANTHA FARMING

બનાસકાંઠા જિલ્લામાં ખેડૂતોએ રવી સીઝનમાં જીરું , વરિયાળી, રાયડો સરસવ, મેથી અજમો અને રાજગરાની મોટા પાયે ખેતી કરી છે. વિશ્વના અનેક દેશોમાં રાજગરાની માંગ છે. જિલ્લાના થરાદ , દિયોદર, લાખણી, ડીસા ધાનેરા સહિતનાં યાર્ડમાં દૈનિક 10 હજાર બોરીથી વધુ રાજગરાની આવક થઈ રહી છે. ખેડૂતોને 1100 રૂપિયાની આસપાસનો ભાવ મળી રહ્યો છે.

આ અંગે વેપારી માર્કેટ યાર્ડના વેપારી એસોસિએશનના પ્રમુખ ભરત પટેલે વધુ માહિતી આપી

(BYTE: BHARAT PATEL, MARKET YARD)

---

# WEATHER

આગામી દિવસો માં મહત્તમ તાપમાન વધશે બાદમાં ઘટશે , દરિયાકાંઠાના વિસ્તારોમાં હવામાનમાં ફેરફાર થશે.

હવામાન વિભાગ દ્વારા આગામી સાત દિવસને લઈને રાજ્યમાં હવામાનની આગાહી કરવામાં આવી છે. જે મુજબ આગામી સાત દિવસમાં રાજ્યમાં શુષ્ક વાતાવરણ રહેશે. આગામી ત્રણ દિવસમાં રાજ્યમાં મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો વધારો જોવા મળશે , અને ચાર દિવસ પછી મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો ઘટાડો જોવા મળશે. જેના પગલે ગરમીમાં વધારાની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

આગામી દિવસોમાં લઘુત્તમ તાપમાનમાં કોઈ ફેરફાર જોવા નહીં મળે. પરંતુ ત્યારબાદ લઘુત્તમ તાપમાનમાં ઘટાડો જોવા મળશે.

---

# WORLD METEOROLOGICAL DAY

આજે "વિશ્વ હવામાન દિવસ" છે. આ દિવસ તમામ હવામાન સંગઠનોને બિરદાવવાનો દિવસ છે.

પ્રસ્તુત છે આ અંગે એક અહેવાલ

## (VOICA CAST ANIL PATEL)

૧૯૫૦માં વિશ્વ હવામાન સંગઠન ( **WMO)**ની સ્થાપનાની યાદમાં ૨૩ માર્ચે વિશ્વ હવામાન દિવસ ઉજવવામાં આવે છે. આ દિવસે હવામાન અને આબોહવાની આગાહીના મહત્વ વિશે જાગૃતિ ફેલાવવામાં આવે છે.

**75**મા વિશ્વ હવામાન દિવસની વિષય વસ્તુ છે- "વહેલી ચેતવણી પહોચાડવામાં થતું અંતર સાથે મળીને દૂર કરવું"

ભારતીય હવામાન વિભાગે વિશિષ્ટ પાસાઓ સાથે સંપૂર્ણ ભારતીય એવી ચાર એપ્લિકેશન્સ વિક્સાવી છે, જેમાં મૌસમ, દામિની, મેઘદૂત એગ્રો અને પબ્લિક ઓબ્ઝર્વેશનનો સમાવેશ થાય છે.

અનિલ પટેલ, આકાશવાણી સમાચાર, અમદાવાદ.

---

# AHMEDABAD METRO –IPL MATCH

અમદાવાદમાં નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ ખાતે તા. 25 અને 29 માર્ચ, 9 એપ્રિલ તેમજ, બીજી અને 14મી મેના રોજ યોજાનારી આગામી IPL-2025ની ક્રિકેટ મેચોને ધ્યાનમાં રાખીને , મેટ્રો ટ્રેન સેવાઓને સવારના 6:20 વાગ્યાથી રાત્રિના 12:30 વાગ્યા સુધી લંબાવવાનો નિર્ણય કરાયો છે.

મેચોના દિવસોમાં મોટેરા સ્ટેડિયમથી રાત્રે પરત ફરવા, સ્પેશ્યલ પેપર ટિકિટ બહાર પાડેલ છે. જેનું ભાડું પ્રતિ વ્યક્તિ દીઠ 50 રૂપિયા રહેશે, જેનો ઉપયોગ લંબાવેલ સમય દરમિયાન મોટેરા સ્ટેડિયમ અને સાબરમતી મેટ્રો સ્ટેશનથી અમદાવાદ મેટ્રોની બંને લાઇન પરના કોઈપણ કાર્યરત મેટ્રો સ્ટેશન સુધી થઈ શકશે.આ તારીખો દરમ્યાન અમદાવાદમાં મેટ્રો ટ્રેન દર 8 મિનિટે ઉપલબ્ધ રહેશે. મોટેરા મેટ્રો સ્ટેશનથી છેલ્લી ટ્રેનનો ઉપડવાનો સમય રાત્રિના 12:30 વાગ્યાનો રહેશે.

---

# CHHOTAUDAIPUR BANANA

હાલમાં ચાલી રહેલા રમઝાન માસને કારણે ફળોની માંગમાં ઉછાળો આવ્યો છે, ત્યારે છોટાઉદેપુર જિલ્લામાં કેળાની ખેતી કરતા ખેડૂતોમાં ખુશી વ્યાપી છે. આ અંગે ખેડૂત બાબુભાઈ બારીયાએ પોતાની પ્રતિક્રિયા આપી

(BYTE: BABUBHAI BARIYA)

---

# BSF

14મી BSF આંતર- ફ્રન્ટિયર બેડમિન્ટન સ્પર્ધાનું ગાંધીનગર BSF કેમ્પસ ખાતે ગઇકાલે સમાપન થયું હતું. રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયની ઉપસ્થિતિમાં યોજાયેલા સમાપન સમારોહમાં વિજેતાઓને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી.

વ્યક્તિગત સ્પર્ધામાં વિજેતાઓ ઉપરાંત ટીમ ઇવેન્ટમાં ત્રિપુરા ફ્રન્ટીયર વિજેતા બન્યા, ત્યારબાદ મેઘાલય ફ્રન્ટીયર બીજા અને ગુજરાત ફ્રન્ટીયર ત્રીજા ક્રમે રહ્યા.

આ પ્રસંગે શ્રી સહાયે સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન ખેલાડીઓના સમર્પણ અને પ્રતિબદ્ધતા બદલ પ્રશંસા કરી. તેમણે રમતગમતના પાત્રને ઘડવામાં , ટીમ ભાવનાને પ્રોત્સાહન આપવામાં અને શારીરિક અને માનસિક સુખાકારીને પ્રોત્સાહન આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂક્યો.

---

# SAPUTARA BOATING

દૂરથી આવતા પ્રવાસીઓને આકર્ષવા માટે સાપુતારા ખાતે ફરી બોટિંગ શરૂ થશે. છેલ્લા એક વર્ષથી બોટિંગ બંધ કરવામાં આવ્યું હતું. આ બોટીંગ ફરીથી શરૂ કરવા માટે સરકાર દ્વારા સર્વેને કામગીરી શરૂ કરવામાં આવી છે. તેમજ બોટીંગ સહિતની વિવિધ સુવિધાઓને ફરી શરૂ કરવા માટે લઈને નવી ગાઈડલાઈન પણ બહાર પાડવામાં આવી છે. રાજકોટ ગેમ ઝોન અને વડોદરા હરણીકાંડ જેવી ઘટનાઓ બાદ ગિરિમથક સાપુતારા ખાતે બોટિંગ અને રોપવે એક્ટિવિટી બંધ હતી પણ હવે સર્વે બાદ ફરી શરૂ થશે.

---